| | |
|---|---|
| દાખલ તારીખ.......... | ૧૪/૧૦/૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ... | ૧૪/૧૦/૨૦૨૫ |
| ફેંસલ તારીખ........... | **૧૮/૦૩/૨૦૨૬** |

| | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| **સમયગાળો..........** | **૦૦** | **૦૫** | **૦૪** |

**ઊંઝા. મે. પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. ઊંઝા.**

સિવિલ પરચ. અરજ નં. ૧૫/૨૦૨૫.

આંકઃ- ૨૧.

અરજદારઃ- ૧. શાહ ભગુભાઈ શાંતિલાલ, ઉં.વ.આ.૬૩,
રહે. તલાટીનો માઢ ચબુતરા નજીક ઊંઝા,
તા. ઊંઝા, જી. મહેસાણા.

૨. શાહ નૈનીતાબેન તે શાંતિલાલની દિકરી અને પ્રદીપભાઈની પત્ની, ઉં.વ.આ.૬૧,
મુળ રહે.ઊંઝા, હાલ રહે. A,૩૦૨ યોગી કોમ્લેક્ષ ચોકસી વાડીની સામે ન્યુ રાદેર રોડ સુરત.

૩. શાહ કંચનબેન તે શાંતિલાલ ની દીકરી અને કીર્તિકુમાર શાહ ની પત્ની,ઉ.વ.આ.૭૪,
મૂળ રહે.ઊંઝા, હાલ રહે.B/૩૦૪ પ્રભુ નિવાસ હિરા વિદ્યાલય રોડ ડુંગરપાડા વિરારવેસ્ટ વિરાર વસઈ પાલગર મહારાષ્ટ્ર.

**વિ રૂ ધ્ધ**

સામાવાળાઃ- કોઈ નહીં.

**બાબતઃ-** ભારતીય વારસા અધિનિયમની કલમ-૩૭૨ મુજબ વારસાઈ સર્ટીફીકેટ મેળવવા બાબત.

| | |
|---|---|
| અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી | એમ. સી. દવે. |
| સામાવાળા તરફે વિદ્ધાન વકીલ શ્રી | કોઈ નહીં. |

**--// જ જ મે ન્ટ //--**

(૧).. આ કામના અરજદારે હાલની અરજી ભારતીય વારસા અધિનિયમ તળેની લાવી અરજ કરેલ છે કે, અરજદાર મોજે ઊંઝા ના વતની છે અને ઊંઝા મુકામે ઉપરોક્ત હેડિંગમાં દર્શાવેલ સરનામે રહે છે તેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા તેઓના પિતાશ્રી શાહ શાંતિલાલ પૂનમચંદ તા.૩૧/૦૭/૨૦૧૪ ના રોજ કુદરતી રીતે ઊંઝા મુકામે મૈયત થયેલા છે,

અને તેઓના માતૃશ્રી શાહ પુંજીબેન શાંતિલાલ જેઓ તારીખ ૦૬/૦૪/૨૦૧૮ ના રોજ કુદરતી રીતે ઊંઝા મુકામે મૈયત થયેલ છે. તેઓ અરજદાર નંબર ૧ થી ૩ મૈયતના કાયદેસરના તેમની સીધી લીટીના વારસદાર છે અને તેઓના ભાઈ શ્રી શાહ ભરતભાઈ શાંતિલાલ તા.૧૨/૦૯/૨૦૧૭ ના રોજ કુદરતી રીતે ઊંઝા મુકામે મૈયત થયેલ છે. જેઓ અપરણિત હોઈ ની: સંતાન ગુજરી ગયેલ છે તેઓના ભાઈશ્રીના અવસાન થયા બાદ તેઓ તેમની પાછળ યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા ને મ્યુચુઅલ ફંડ સ્કીમમાં નીચે મુજબની સ્કીમો છોડતા ગયા છે:

| Sacheme name UTI Large & Mind cap Fund–Regular Plan–UTIMG | Balance unit 2400.000 | Current Nav 86.0346 | Current amount 206483.04 |
|---|---|---|---|
| UTI–MASTER EQUITY PLAN UNIT SCHEME (MEPUS)–Regular Plan–UTIME | 1876.36 | 227.74 | 427318.29 |
| UTI UNCLAIMED AMOUNT–UNCLAIMED DIVIDEND–UTIUW | 0.000 | 20.7624 | 0 |
| AEXIS બેંક લીમીટેડના સર્ટીફીકેટ નં | શેરો | FOLO NO. | ડીસ્ટીક્શન નં. |
| 501976 | 500 | UTI099091 | 0001790361 થી 0001790860 |

ઉપરોક્ત મુજબના યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાની મ્યુચુઅલ ફંડ સ્કીમમાં ૬,૧૫૮૧૧ અને ૮૮ પૈસા ની રકમ છોડતા ગયા છે જેનો ફોલિયો નં.૫૦૧૩૦૩૮૩૧૧૩ નો છે જેની સ્કીમ અંગે અમારે વારસા સર્ટી ફીકેટ ની જરૂરીયાત ઉભી થઇ છે જેથી તેઓ શાહ ભરતભાઈ શાંતિલાલ ના સગાભાઈ થતા હોઈ અને તેઓ નં.૨ અને ૩ તેઓની સગીબેનો થતી હોઈ તેઓએ તેઓના ભાઈ ની તરફેણમાં અરજી કરવા માટે અને તેઓની તરફેણ માં વારસા સર્ટીફીકેટ મેળવવા માટે નામદાર કોર્ટ રૂબરૂના સોગંદનામા કરી આપેલ છે જેથી તેઓના કુટુંબના વહીવટ કર્તા તેઓના સગાભાઈ જેઓ હાલના અરજદાર છે તેઓની તરફેણમાં વારસા સર્ટીફીકેટ કાઢી આપવામાં આવે તો અમોને વાંધો વિરોધ કે તકરાર નથી જેથી તેઓએ હાલની આ અરજ નામદાર કોર્ટ માં ગુજારેલ છે અને તેઓના મૈયત ભાઈ ભરતભાઈ ની

બંને સ્કીમના નાણા શાહ ભગુભાઈ શાંતિલાલ ને મેળવવા કંપની ને વારસા સર્ટીફીકેટની જરૂર પડેલ છે જે સ્કીમ ની હાલની બજાર કિંમત અંકે રૂપિયા ૬,૧૫૮૧૧/– અને ૮૮ પૈસા અંકે છ લાખ અને અઠ્યાસી પૈસા પુરા થાય છે તથા એક્સીસ બેન્કના ૫૦૦ શેરો જેની બજાર કિંમત ૫,૮૫,૧૦૦/– અને રૂપિયા પાંચ લાખ પંચ્યાસી હજાર સો થાય છે એમ કુલ મળી ૧૨,૦૦,૯૧૧/– અને ૮૮ પૈસા ની રકમ ના શેરો મેળવવા માટે તેઓને વારસાઈ સર્ટીફીકેટની જરૂર પડેલ છે જે વારસા સર્ટીફીકેટ કંપનીમાં રજુ કરવાનું હોઈ હાલની આ વારસા અરજી આપ નામદાર કોર્ટ માં કરેલ છે. ઉપરોક્ત મુજબના શાહ શાંતિલાલ પૂનમચંદ મૈયતના કાયદેસરના સીધીલીટીના વારસદારો છે. તેઓના ભાઈ શ્રી ભરતભાઈ શાંતિલાલ મૈયત થયા પહેલા તેઓએ યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાની મ્યુચુઅલ ફંડ સ્કીમમાં ઉપરોક્ત પેરા નં.૧ મુજબનું રોકાણ કરેલ હતું જેની વિગત નીચે મુજબ છે.

| Sacheme name UTI Large & Mind cap Fund–Regular Plan–UTIMG | Balance unit 2400.000 | Current Nav 86.0346 | Current amount 206483.04 |
|---|---|---|---|
| UTI–MASTER EQUITY PLAN UNIT SCHEME (MEPUS)–Regular Plan–UTIME | 1876.36 | 227.74 | 427318.29 |
| UTI UNCLAIMED AMOUNT–UNCLAIMED DIVIDEND–UTIUW | 0.000 | 20.7624 | 0 |
| AEXIS બેંક લીમીટિડના સર્ટીફીકેટ નં | શેરો | FOLO NO. | ડીસ્ટીક્શન નં. |
| 501976 | 500 | UTI099091 | 0001790361 થી 0001790860 |

જે મેળવવા માટે તેઓને વારસાઈ સર્ટીફીકેટ ની જરૂર પડેલ છે. જેથી નામદાર કોર્ટ માં હાલ ની આ અરજ કરેલ છે. તેમજ તેઓના ભાઈશ્રી અપરણીત હોઈ તેમજ તેમના અન્ય કોઈ વારસદાર ન હોઈ તેઓ એક માત્ર કુટુંબ ના વહીવટ કર્તા હોઈ શાહ શાંતિલાલ પૂનમચંદ મૈયતના સીધી લીટીના કાયદેસર ના વારસ માના મુખ્ય વહીવટ કરતા હોઈ ન્યાય ના હિતમાં સદર યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાની મ્યુચુઅલ ફંડ બન્ને સ્કીમની સદર રકમ અંગે તથા એક્સીસ બેન્કના ૫૦૦ શેરો જેની બજાર કિંમત

૫,૮૫,૧૦૦/– અને રૂપિયા પાંચ લાખ પંચ્યાસી હજાર સો થાય છે એમ કુલ મળી ૧૨,૦૦,૯૧૧/– અને ૮૮ પૈસા ની રકમ ના શેરો મેળવવા માટે તેઓને વારસાઈ સર્ટીફીકેટની જરૂર પડેલ છે. અરજદાર ને વારસાઈ સર્ટીફીકેટ આપવા બાબતે હુકમ કરવા અરજ કરેલ છે. સદર વારસાઈ સર્ટીફીકેટ અરજદારની તરફેણમાં હુકમ કરવામાં આવે તો નં.૨ અને ૩ ને તે અંગે કોઈ વાંધો વિરોધ કે તકરાર નથી તે લગતનું સોગંદનામું નામદાર કોર્ટ રૂબરૂ કરી આપેલ છે જે આ કામે રજુ કરેલ છે. આમ શાહ શાંતિલાલ પૂનમચંદ ના મૈયતના સીધીલીટીના કાયદેસર ના વારસ થતા હોઈ જેથી ન્યાયના હિતમાં વારસા સર્ટીફીકેટ કાઢી આપવા અરજ કરેલ છે. સબબ દાદ માંગેલ છે કે,

| Sacheme name UTI Large & Mind cap Fund–Regular Plan–UTIMG | Balance unit 2400.000 | Current Nav 86.0346 | Current amount 206483.04 |
|---|---|---|---|
| UTI–MASTER EQUITY PLAN UNIT SCHEME (MEPUS)–Regular Plan–UTIME | 1876.36 | 227.74 | 427318.29 |
| UTI UNCLAIMED AMOUNT–UNCLAIMED DIVIDEND–UTIUW | 0.000 | 20.7624 | 0 |
| AEXIS બેંક લીમીટેડના સર્ટીફીકેટ નં | શેરો | FOLO NO. | ડીસ્ટીક્શન નં. |
| 501976 | 500 | UTI099091 | 0001790361 થી 0001790860 |

આ સાથે જોડેલ દસ્તાવેજી કાગળોમાં ઉપરોક્ત કંપનીના યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાની મ્યુચુઅલ ફંડ સ્કીમમાં શાહ ભરતભાઈ શાંતિલાલ (મૈયત) તા–૨૫/૧૧/૨૦૨૪ ના રોજ નો પત્ર આપેલ છે જેમાં સ્કીમ ની વિગત ઉપરોક્ત મુજબ દર્શાવેલ છે.

ઉપરોક્ત તમામ બંને સ્કીમની વિગતે કુલ મળી કિંમત કુલ ૬,૧૫,૬૧૧/– અને ૮૮ પૈસા અંકે છ લાખ પંદર હાજર છસો અગિયાર અને અઠીયાસી પૈસા થાય છે તથા એક્સીસ બેન્કના ૫૦૦ શેરો જેની બજાર કિંમત ૫,૮૫,૧૦૦/– અને રૂપિયા પાંચ લાખ પંચ્યાસી હજાર સો થાય છે એમ કુલ મળી ૧૨,૦૦,૯૧૧/– અને ૮૮ પૈસા ની રકમ ના શેરો મેળવવા

માટે તેઓને વારસાઈ સર્ટીફીકેટની જરૂર પડેલ છે જેથી નામ.કોર્ટમાં હાલની આ અરજ કરેલ છે. આ સિવાય તમામ લાભો મેળવવા અરજદારને વારસાઈ સર્ટીફીકેટ આપવા ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ કરેલ છે તથા નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે. ઉપરોક્ત હકીકતો ને ધ્યાને લઈ અરજદારના નામે વારસાઈ સર્ટીફીકેટ કાઢી આપવા નમ્ર અરજ કરેલ છે.

(૨).. અરજદારની અરજી અનુસંધાને તેની જાહેર નોટીસ આપી બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરાવવા હુકમ કરવામાં આવેલ જે મુજબ પ્રસિદ્ધિ કરાવી તેની એક નકલ કોર્ટમાં રજૂ કરવાનો અરજદારને હુકમ કરવામાં આવેલ.

(૩).. આ કામે અરજદાર તરફે અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**–// અરજદાર તરફે મૌખિક પુરાવો //–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર શાહ ભગુભાઈ શાંતીલાલનું સરતપાસનું સોગંદનામું. | ૧૯ |

**–// અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો //–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | Kfin Technologies Limited SUCCESSION સર્ટીફીકેટ રજુ કરવા માટે લખેલ પત્ર. | ૦૬ |
| ૨. | યુ.ટી.આઇ. મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ અંગે મળેલ પત્ર. | ૦૭ |
| ૩. | એક્સીસ બેંક લીમીટેડ ના શેરો અંગેનું સર્ટીફીકેટ. | ૦૮ |
| ૪. | શાહ શાંતિલાલ પૂનમચંદ મૈચત નું પેઢીનામું. | ૦૯ |
| ૫. | શાહ શાંતિલાલ પૂનમચંદ મૈચત નો દાખલો. | ૧૦ |
| ૬. | શાહ પુંજીબેન શાંતિલાલ મૈચત નો દાખલો. | ૧૧ |
| ૭. | શાહ ભરતભાઈ શાંતિલાલ મૈચત નો દાખલો. | ૧૨ |

## –// અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો //–

| | | |
|---|---|---|
| ૮. | શાહ ભગુભાઈ શાંતિલાલ નું આધારકાર્ડ. | ૧૩ |
| ૯. | શાહ ભગુભાઈ શાંતિલાલ નું પાનકાર્ડ. | ૧૪ |
| ૧૦. | શાહ કંચનબેન કીર્તિકુમાર નું આધારકાર્ડ. | ૧૫ |
| ૧૧. | શાહ નૈનીતાબેન પ્રદીપભાઈ નું આધારકાર્ડ. | ૧૬ |
| ૨૦. | શાહ કંચનબેન શાંતિલાલ નું નામ.કોર્ટ રૂબરૂ સોગંદનામું. | ૧૭ |
| ૨૧. | શાહ નૈનીતાબેન શાંતિલાલ નું નામ.કોર્ટ રૂબરૂ સોગંદનામું. | ૧૮ |

(૪).. આ સિવાય અરજદારો તર્ફે વિશેષ કોઇ પુરાવો રજૂ થયેલ નથી અને અરજદાર તરફે આંક–૨૦ થી પુરાવા બંધની પુરસીસ રજૂ કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૫).. આ સંજોગોમાં અરજદારની અરજીની હકીકતોને કોઇએ પડકારેલ નથી તથા અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલ પોતાની સોગંદ ઉપરની સરતપાસથી હાલની અરજીને સમર્થન આપે છે તથા રજૂ દસ્તાવેજી પુરાવાઓ જોતાં અરજદારના પિતા, માતા તથા તેઓના ભાઈ મૈયત થયેલ હોવાની હકીકત આ કામે આંક–૧૦, આંક–૧૧ તથા આંક–૧૨ થી રજૂ મરણનાં પ્રમાણપત્ર વંચાણે લેતાં જણાઈ આવે છે. તેમજ આ કામના અરજદાર મરણજનારના સીધીલીટીના વારસદારો હોવા અંગેનું પેઢીનામું આંક–૦૯ થી રજૂ થયેલ છે. જે વંચાણે લેતાં મરણજનારના સીધીલીટીના વારસદારોમાં હાલના અરજદાર સિવાય અન્ય કોઈ વારસદાર નથી. તેમજ, અરજદારની અરજી અનુસંધાને તેઓને વારસાઈ પ્રમાણપત્ર આપવા સામે કોઈને વાંધો કે તકરાર હોય તો તેવા વાંધા કે, તકરાર નોંધાવવા સબબ બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિક સમાચારપત્ર "નવગુજરાત સમય" માં તારીખ ૧૭/૧૦/૨૦૨૫ ના રોજ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ. જેની અસલ પ્રત આ કામે આંક–૦૪ થી દસ્તાવેજી લિસ્ટથી રજૂ થયેલ છે. પરંતુ, આ જાહેર નોટીસ અનુસંધાને પણ નોટીસમાં જણાવેલ મુદત દરમિયાન કે આજદિન સુધી કોઈપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર રજૂ થયેલ નથી. આમ, અરજદારની અરજી યોગ્ય

પુરાવાથી પુરવાર થયેલી હોઇ, તેમજ અરજદારની હાલની અરજીમાં તથ્ય હોવાનું જણાઈ આવે છે જેથી અરજી ગ્રાહ્ય રાખવાપાત્ર જણાય છે.

(૬).. વધુમાં, અરજદારની અરજીની હકીકત ધ્યાનમાં લેવામાં આવે તો અરજદારના પિતા, માતા તથા તેઓના ભાઈ મૈયત થયેલ હોવાની હકીકત આ કામે આંક–૧૦, આંક–૧૧ તથા આંક–૧૨ થી રજૂ મરણનાં પ્રમાણપત્ર વંચાણે લેતાં જણાઈ આવે છે. તેમજ અરજદાર તેમના સીધી લીટીના વારસદાર હોવાની હકીકત તથા અરજદાર સિવાય અન્ય કોઈ વારસો ન હોવાની હકીકત આ કામે રજૂ પેઢીનામાથી તથા જાહેર પ્રસિદ્ધિ પામેલ જાહેર નોટીસથી સ્પષ્ટ જણાઈ આવે છે. જેથી અરજદારનું કુટુંબના વહિવટકર્તા વારસદાર તરીકે નામ દાખલ કરવા ઉપરોક્ત તમામ બંને સ્કીમની વિગતે કુલ મળી કિંમત કુલ ૬,૧૫,૬૧૧/– અને ૮૮ પૈસા અંકે છ લાખ પંદર હાજર છસો અગિયાર અને અઠીયાસી પૈસા થાય છે તથા એક્સીસ બેન્કના ૫૦૦ શેરો જેની બજાર કિંમત ૫,૮૫,૧૦૦/– અને રૂપિયા પાંચ લાખ પંચ્યાસી હજાર સો થાય છે એમ કુલ મળી ૧૨,૦૦,૯૧૧/– અને ૮૮ પૈસા ની રકમ ના શેરો મેળવવા માટે આ કામે રજૂ આંક–૦૯ વાળા પેઢીનામા તથા આંક–૧૦, ૧૧, ૧૨ વાળા મરણના પ્રમાણપત્ર આધારે અરજદારને વારસાઈ સર્ટીફીકેટ આપવું યોગ્ય જણાય છે. તે તમામ સંજોગોમાં આ કામના હાલના અરજદાર મૈયત શાહ ભરતભાઈ શાંતિલાલના એકમાત્ર ભાઈ અને સીધીલીટીના વારસ હોવાનું સાબિત થતું હોઈ તથા ઉપરોક્ત તમામ હકીકત લક્ષમાં લેતાં આ કામના અરજદાર તેમનાં સ્વર્ગસ્થ ભાઈના સીધીલીટીના વારસદાર હોવા અંગેનું વારસાઈ સર્ટીફીકેટ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે અને હાલની અરજી તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

- આ કામના અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

- આ કામના અરજદારએ યોગ્ય કોર્ટ ફી સ્ટેમ્પ રજૂ કર્યેથી તેના ઉપર મૈયત શાહ ભરતભાઈ શાંતિલાલના નામે તમામ બંને સ્કીમ ની વિગતે કુલ મળી કિંમત કુલ ૬,૧૫,૬૧૧/– અને ૮૮ પૈસા અંકે છ લાખ પંદર હાજર છસો અગિયાર

અને અઠીયાસી પૈસા થાય છે તથા એક્સીસ બેન્કના ૫૦૦ શેરો જેની બજાર કિંમત ૫,૮૫,૧૦૦/– અને રૂપિયા પાંચ લાખ પંચ્યાસી હજાર સો થાય છે એમ કુલ મળી ૧૨,૦૦,૯૧૧/– અને ૮૮ પૈસા ની રકમ ના શેરો થતા હોઈ જે અંગેનું મૈયત શાહ ભરતભાઈ શાંતિલાલના વારસ હોવા બાબતે આ કામના અરજદારના નામનું વારસાઈ સર્ટીફીકેટ કાઢી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૮મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૮/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**દેવિન્દ્રકુમાર અશોકકુમાર રાવલ**
CODE No. GJ 01095
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ,
ઊંઝા.